# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

## તૂટેલો સાયકલનો વ્હીલ અને ટીમવર્ક



વારતા રે વારતા

એક રળિયામણા ગામમાં આકાશ, દેવ અને કબીર નામના ત્રણ પાકા મિત્રો રહેતા હતા. ત્રણેય વચ્ચે એટલી ગાઢ દોસ્તી હતી કે ગામના લોકો પણ તેમને રામ, લક્ષ્મણ અને ભરતની જોડી કહેતા. ત્રણેય પાસે મળીને એક જૂની પણ ખૂબ જ વહાલી સાયકલ હતી. શાળાએ જવું હોય કે સાંજે રમીને ગામની ભાગોળે આંટો મારવો હોય, આ સાયકલ જ તેમનો સાચો સંગાથી હતી.

એક રવિવારની સોનેરી સાંજે ત્રણેય મિત્રો સાયકલ પર સવાર થઈને ગામના પાદરેથી પસાર થઈ રહ્યા હતા. વાતોના અને હાસ્યના તાનમાં તેમનું ધ્યાન રસ્તા પરના એક મોટા પથ્થર પર ન ગયું. સાયકલનું પાછલું વ્હીલ સીધું પથ્થર સાથે અથડાયું. મોટો અવાજ થયો અને સાયકલ નીચે પછડાઈ. સદનસીબે કોઈને મોટી ઈજા ન થઈ, પરંતુ સાયકલની હાલત ખરાબ થઈ ગઈ હતી. વ્હીલના આરા વાંકા વળી ગયા હતા, ટાયર ફાટી ગયું હતું અને ચેઈન પણ ઊતરી ગઈ હતી. સાયકલ હવે બિલકુલ ચાલવા યોગ્ય રહી નહોતી.

શરૂઆતમાં આકાશ અને દેવ વચ્ચે બહેસ શરૂ થઈ ગઈ. આકાશે કહ્યું, “તારી ભૂલના લીધે પથ્થર ન દેખાયો!” તો દેવે સામે દલીલ કરી, “ના, તું જ સાયકલ ઝડપથી ચલાવતો હતો!” બંને એકબીજા પર દોષારોપણ કરવા લાગ્યા અને સાયકલ ત્યાં જ પડી રહી.

**શરૂઆતમાં આકાશ અને દેવ વચ્ચે બહેસ શરૂ થઈ ગઈ. આકાશે કહ્યું, “તારી ભૂલના લીધે પથ્થર ન દેખાયો!” તો દેવે સામે દલીલ કરી, “ના, તું જ સાયકલ ઝડપથી ચલાવતો હતો!” બંને એકબીજા પર દોષારોપણ કરવા લાગ્યા અને સાયકલ ત્યાં જ પડી રહી**

પરંતુ કબીર શાંત અને ડાહ્યો હતો. તેણે બંનેના હાથ પકડીને કહ્યું, “આપણે એકબીજા સાથે ઝઘડીશું તો સાયકલ મેળેમેળે ઠીક નહીં થઈ જાય. સૂર્ય આથમવા આવ્યો છે અને જો આપણે ભેગા મળીને કામ નહીં કરીએ તો ચાલીને ઘરે જવું પડશે અને સાયકલ પણ અહીં જ છોડવી પડશે. એકતામાં જ શક્તિ છે, જો આપણે ત્રણેય ટીમવર્ક કરીએ તો આ કામ ચપટીમાં પતી જશે.”

આકાશ અને દેવને પોતાની ભૂલ સમજાઈ. ત્રણેય મિત્રોએ તરત જ પોતપોતાની જવાબદારી વહેંચી લીધી અને એક ટીમ તરીકે કામ કરવાનું શરૂ કર્યું:

**આકાશ:** તે ઝડપથી દોડીને નજીકના કાકાના ઘરેથી જરૂરી ઓજારો-પાના, પકડ, પંચરની કિટ અને હવા પમ્પ-લઈ આવ્યો.

**દેવ:** તેણે ધીરજપૂર્વક વ્હીલ ખોલીને તેના વાંકા વળેલા આરાઓને પકડ વડે સીધા કરવાનું મુશ્કેલ કામ ઉપાડી લીધું.

**કબીર:** તેણે ટાયરમાંથી ટ્યુબ બહાર કાઢી, પાણીના વાસણમાં ચેક કરીને પંચર શોધ્યું અને તેને મજબૂતીથી સાંધ્યું.

જે કામ કોઈ એક વ્યક્તિ માટે એકલા હાથે કરવું અશક્ય અને કંટાળાજનક હતું, તે ત્રણેયની સમજદારી, મહેનત અને પરસ્પર સહકારથી માત્ર અડધા કલાકમાં પૂરું થઈ ગયું. વ્હીલ ફરીથી બરાબર થઈ ગયું, ચેઈન ચડી ગઈ અને ટાયરમાં હવા ભરાઈ ગઈ. સાયકલ ફરીથી દોડવા માટે તૈયાર હતી!

સૂર્યાસ્તના સોનેરી કિરણો વચ્ચે ત્રણેય મિત્રો સાયકલ પર સવાર થઈને આનંદથી ગીતો ગાતા ઘરે તરફ વળ્યા. આજે તેમને માત્ર સાયકલ જ પાછી નહોતી મળી, પરંતુ જીવનનો એક ખૂબ જ મોટો પાઠ પણ શીખવા મળ્યો હતો.

**બોધ:** આ વાર્તા આપણને સમજાવે છે કે જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે એકબીજા પર દોષ નાખવાને બદલે સંઘભાવના (ટીમવર્ક) અને ‘એકતા’થી કામ લેવું જોઈએ. ગમે તેવી વિપરીત પરિસ્થિતિ કે મોટી સમસ્યા હોય, જો હાથથી હાથ મિલાવીને પ્રયાસ કરવામાં આવે તો દરેક સમસ્યાનો સરળ ઉકેલ શોધી શકાય છે, કારણ કે એકતામાં જ સાચી શક્તિ છે.

## ચાલુ ટ્રેનમાં ડ્રાઇવરને હાર્ટ એટેક આવે તો શું થાય?




મોટા ભાગના લોકોએ ટ્રેનમાં મુસાફરી કરી હશે, અને આવું વિચાર્યું પણ હશે. ટ્રેનનું આ સત્ય જાણીને ઘણા લોકોના હોશ ઊડી શકે છે, પરંતુ ગભરાવાની જરૂર નથી. ઇન્ડિયન રેલવેએ આવી કટોકટીની સ્થિતિઓ માટે પહેલાંથી જ ઘણા સ્તરો પર સુરક્ષા વ્યવસ્થા બનાવી રાખી છે. આ સિસ્ટમ એટલી મજબૂત છે કે, લોકો પાયલટ અસમર્થ થાય તો પણ ટ્રેન સુરક્ષિત રીતે રોકાઈ શકે છે અને મુસાફરોના જીવને જોખમ નથી પહોંચતું.

કેવી રીતે કામ કરે છે આ પ્રણાલી? સૌથી પહેલાં વાત કરીએ ક્રૂ સિસ્ટમની. દરેક પેસેન્જર ટ્રેન અને મોટા ભાગની માલગાડીઓમાં લોકો પાયલટની સાથે એક અસિસ્ટન્ટ લોકો પાયલટ પણ હોય છે. બંને મળીને ટ્રેન ચલાવે છે. લોકો પાયલટ મુખ્ય જવાબદારી સંભાળે છે જ્યારે અસિસ્ટન્ટ તેની મદદ કરે છે, સિગ્નલ જુએ છે, અને જરૂર પડવા પર કમાન્ડ લઈ શકે છે. જો મુખ્ય લોકો પાયલટને હાર્ટ એટેક, બેભાન થવું કે કોઈ અન્ય ગંભીર સમસ્યા આવી જાય તો અસિસ્ટન્ટ લોકો પાયલટ તાત્કાલિક ટ્રેનનું નિયંત્રણ પોતાના હાથમાં લઈ લે છે.



આ સાથે જ તે ટ્રેનને સુરક્ષિત રીતે આગળના સ્ટેશન સુધી લઈ જઈને રોકી દે છે અથવા જરૂર પડવા પર સેક્શનમાં જ નિયંત્રિત રીતે રોકી શકે છે. આ વ્યવસ્થા એટલા માટે બનાવવામાં આવી છે કારણ કે બંનેનું એક સાથે અસમર્થ થવું ખૂબ જ દુર્લભ છે, પરંતુ રેલવેએ માત્ર આટલા પર જ ભરોસો નથી કર્યો. એન્જિનમાં એક ખાસ ડિવાઇસ લગાવેલું હોય છે જેને વિજિલન્સ કંટ્રોલ ડિવાઇસ એટલે કે વીસીડી (VCD) કહેવાય છે. આ ડિવાઇસ લોકો પાયલટની સજાગતા પર સતત નજર રાખે છે.

વીસીડી કેવી રીતે કામ કરે છે? લોકો પાયલટ જ્યારે ટ્રેન ચલાવી રહ્યો હોય છે ત્યારે તે થ્રોટલ બદલે છે, હોર્ન વગાડે છે, બ્રેક લગાવે છે અથવા અન્ય સામાન્ય પ્રવૃત્તિઓ કરે છે. આ પ્રવૃત્તિઓ વીસીડીને રીસેટ કરી દે છે. જો લગભગ 60 સેકન્ડ સુધી કોઈ પ્રવૃત્તિ ન થાય તો સિસ્ટમ પહેલાં વિઝ્યુઅલ વોર્નિંગ એટલે કે લાઈટ ચાલુ કરવા લાગે છે. જો ત્યારબાદ પણ કોઈ પ્રતિસાદ ન મળે તો ઓડિયો એલાર્મ વાગવા લાગે છે. જો નિર્ધારિત સમયમાં (લગભગ 17 સેકન્ડની આસપાસ) ડ્રાઇવર કે અસિસ્ટન્ટ પ્રતિસાદ ન આપે એટલે કે બટન ન દબાવે કે કોઈ પ્રવૃત્તિ ન કરે તો સિસ્ટમ પોતાની જાતે ઈમરજન્સી બ્રેક લગાવી દે છે. ટ્રેન ધીમે-ધીમે રોકાઈ જાય છે.

## બાળગીત

### વાંદરાભાઈનું ઘર

હૂપ હૂપ હૂપ હૂપ વાંદરાભાઈ,
ઝાડથી ઝાડે કૂદે ભાઈ!
શિયાળામાં ઠંડી વાય,
ચોમાસામાં ભીંજાઈ જાય!
ઘર ન બનાવે વાંદરાભાઈ,
ડાળે ડાળે ફરે ભાઈ!
હૂપ હૂપ હૂપ હૂપ વાંદરાભાઈ,
મસ્તી કરતા હસતા ભાઈ!

### તારી ધોળી ધોળી કાગડી

તારી ધોળી ધોળી કાગડી,
ઉડીને આવી આંગણે!
કાં કાં કાં કાં કરતી જાય,
દાણા ચણીને ઉડી જાય!
આકાશે તો વાદળ કાળા,
કાગડીબેનના સુંદર માળા!

## રસ્તો શોધો



## ટપકાં જોડો



## તફાવત શોધો







## PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 2 | | 3 | | 4 | = | 04 |
| 2) | 1 | | 2 | | 3 | | 4 | = | 20 |
| 3) | 1 | | 2 | | 3 | | 4 | = | 05 |

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| L | A | D |
| | | |
| | | |
| C | U | P |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 6 |
| | 2 | |
| 9 | | |

વર્તુળો: 14, 14, 22, 18

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 ફિલ્મની અભિનેત્રીઓના નામ બનાવો. દા.ત. RE KHA = REKHA

| | | | | | |
|---|---|---|---|---|---|
| DH | MI | JA | SH | MU | YA |
| MA | JA | NU | ANA | MA | TA |
| DH | KA | AZ | LA | RI | AR |
| SH | DR | SA | URI | ADA | MT |

| ચાવી | શબ્દો |
|---|---|
| 6 અક્ષર | 2 |
| 7 અક્ષર | 2 |
| 8 અક્ષર | 2 |
| 9 અક્ષર | 1 |

જવાબ
1. MUMTAZ
2. TANUJA
3. MADHURI
4. SADHNA
5. SHARMILA
6. KARISHMA
7. JAYA PRADA

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 2 | - | 3 | + | 4 | = | 04 |
| 2) | 1 | × | 2 | + | 3 | × | 4 | = | 20 |
| 3) | 1 | + | 2 | × | 3 | - | 4 | = | 05 |

Q2

| | | |
|---|---|---|
| L | A | D |
| L | A | D |
| P | A | N |
| P | I | N |

Q3

| | | |
|---|---|---|
| 4 | 5 | 6 |
| 3 | 2 | 1 |
| 9 | 8 | 7 |

વર્તુળો: 14, 14, 22, 18

## શબ્દો શોધો

### SUMMER

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| k | m | e | c | p | y | d | o | f | n | v | d |
| j | x | s | h | o | i | g | b | a | l | l | t |
| p | q | w | f | o | n | u | e | k | z | m | b |
| e | t | i | v | l | c | r | a | b | g | y | i |
| s | a | n | d | z | j | f | m | s | p | u | k |
| l | r | g | y | b | q | l | c | h | o | s | e |
| d | u | k | i | t | e | v | n | e | w | f | j |
| z | g | h | m | s | p | a | i | l | q | i | c |
| f | b | o | o | k | w | t | y | l | d | r | n |
| i | c | j | a | g | h | s | p | u | t | e | o |

